# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં.૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

**Shri Govind Guru University**
**(Established vide Gujarat Act No. 24/2015)**

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૮/17674

તા.૧૪/૦૮/૨૦૧૮

## પરિપત્ર-૫૯૨

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડા જણાવવાનું કે, તેમની કૉલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્ર/સંસ્થામાં પ્રથમ સેમેસ્ટર, ત્રીજા સેમેસ્ટર અને પાંચમાં સેમેસ્ટરમાં સીધો પ્રવેશ મેળવેલ વિધાર્થીઓ માટે એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ તા.૧૬/૦૮/૨૦૧૮ ના રોજ નીચે દર્શાવેલ સમય-પત્રક મુજબ યુનિવર્સિટી ખાતેથી મેળવી લેવા. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ મેળવવા આચાર્યશ્રીના સહી સિક્કા સાથેનો ઓથોરીટી લેટર સાથે લાવવો જરૂરી છે.

| ક્રમ | જિલ્લો | સમય |
|---|---|---|
| ૧ | વડોદરા અને છોટાઉદેપુર જીલ્લાની કૉલેજો | સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ |
| ૨ | દાહોદ અને મહીસાગર જીલ્લાની કૉલેજો | બપોરે ૦૧:૩૦ થી ૦૪:૩૦ |
| ૩ | પંચમહાલ જીલ્લાની કૉલેજો | બપોરે ૦૪:૩૦ થી ૦૬:૦૦ |

સંબંધિત કૉલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ભરાવેલા એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ, જરૂરી બિડાણ, માહિતી પત્રક અને નિયત ફી સાથે નીચે દર્શાવેલ સમય-પત્રક મુજબ યુનિવર્સિટી કાર્યાલયમાં રૂબરૂમાં જમા કરાવવાના રહેશે, ત્યારબાદ કોઈપણ સંજોગોમાં એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.

| વિગત | રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧/૩/૫ ના એનરોલમેન્ટ/ રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- સાથે તા.૩૦/૦૮/૨૦૧૮ સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૩૦૦/- તા.૩૧/૦૮/૨૦૧૮ થી તા.૦૫/૦૯/૨૦૧૮ | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૮૦૦/- તા.૦૬/૦૯/૨૦૧૮ થી તા.૦૮/૦૯/૨૦૧૮ |
| અનુસ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧ અને ૩ રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- સાથે તા.૩૦/૦૮/૨૦૧૮ સુધી | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૭૦૦/- તા.૩૧/૦૮/૨૦૧૮ થી તા.૦૫/૦૯/૨૦૧૮ | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૧૧૦૦/- તા.૦૬/૦૯/૨૦૧૮ થી તા.૦૮/૦૯/૨૦૧૮ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ : (૧) પત્રક
(૨) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટેની જરૂરી સૂચનાઓ.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


## સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની જરૂરી સૂચનાઓ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડાને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલય જમા કરાવવા માટેની નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

૧. કોલેજ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.

૨. પ્રથમ સેમેસ્ટરમાં પ્રથમ વાર દાખલ થનાર વિદ્યાર્થીઓએ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

- Enrollment (After $12^{th}$)
- Registration (After Graduate)

૩. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા બી.એ., બી.કોમ., બી.એસસી., બી.સી.એ., બી.એસ.ડબ્લ્યુ., એલએલ.બી. તથા પી.જી.ડી.એસ.એચ.એમ. અભ્યાસક્રમ માટે એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફી+ફોર્મ ફી રૂ. ૨૦૦/- અને એમ.એ., એમ.કોમ. એમ.એસસી., એમ.એસ.ડબ્લ્યુ અભ્યાસક્રમની રજીસ્ટ્રેશન ફી+ફોર્મ ફી રૂ. ૫૦૦/-નિયત કરવામાં આવેલ છે.

૪. વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિગતો ભરાવ્યા બાદ કૉલેજે વિગતો ચેક કરવી.

૫. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સાથે એચ.એસ.સી./લાયક પરીક્ષાના ગુણપત્રકની નકલ આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ હોય તે મોકલવાની રહેશે.

એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશનની ક્ષતિઓ નિવારી શકાય તે હેતુસરથી ગુજરાત બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર માં સમાવિષ્ઠ કોલેજોના વર્ષ-૨૦૧૮ માં પાસ થયેલ વિદ્યાર્થીઓ, તે અગાઉના વર્ષોમાં પાસ થયેલ વિદ્યાર્થીઓ અને અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો અને અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની અલગ-અલગ યાદી બનવવાની રહેશે તેમજ તે પ્રમાણે ૫૦ ના બંડલમાં જમા કરાવવાના રહેશે.

૬. વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઈ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

૭. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરેલી વિગતોની ચકાસણી કૉલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.

૮. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવી લેવું P.A.E.C./F.A.E.C. નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી.

૯. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મની કુલ ફી નો રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી-એક્ઝામ, ગોધરાના નામનો માત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા એકાઉન્ટ નં. ૩૫૫૬૭૦૨૯૭૨૦ એસ.બી.આઈ., ગોધરામાં RTGS/NEFT થી ફી ભર્યાની પહોચ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને માહિતી પત્રક જમા કરાવતી વખતે મોકલી આપવાની રહેશે.

૧૦. <u>એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :</u>

ક. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીએ કાળા કે ભૂરા રંગની બોલપેનનો જ ઉપયોગ કરવો, શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહિ.

ખ. <u>વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે કાપીને ચોટાડવો,</u> તે જ ફોટો વિધાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિધાર્થીને કરવી ફોટોગ્રાફ ચોટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો, ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહિ.

ગ. વિદ્યાર્થીઓને એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં CAPITAL LETTER થી જ લખવા સુચના આપવી.

ઘ. વિધાર્થીઓને મોબાઈલ નંબર ખાસ ધ્યાન રાખીને લખવા સુચના આપવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે) કારણકે તે મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

ચ. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓને વિષય લખવામાં ખાસ કાળજી રાખવા સુચના આપવી. અને કૉલેજે તેની ખરાઈ કરવી. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં જે વિષય દર્શાવેલ હશે તે જ વિષય હોલ ટીકીટ અને માર્કશીટમાં આવશે જેની ખાસ નોંધ લેવી. કૉલેજ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવેલ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીએ લખેલ અને કોલેજે ખરાઈ કરેલ વિષય બદલવા માટે વિષય દીઠ રૂ. ૨૦૦૦/- ની ફી ભરવાની રહેશે તેમજ વિષય બદલવા માટે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવાય તે અંતિમ રહેશે.

૧૧. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિ, ફોર્મ પ્લાસ્ટીક કવરમાં તેમજ બે જાડા પૂઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુક્પુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


૧૨. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી અને તેના પર ફોર્મ પરનો નંબર લખવો જેથી કોઈ ક્ષતિ હોય તો સુધારવામાં સરળતા રહે.

૧૩. આપની કૉલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો) ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

૧૪. ઈન્ટેક કેપેસીટી હોઈ તેટલા જ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

૧૫. કોલેજે વિધાર્થીઓના નામ તથા ફોટાવાળું એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિધાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડ/શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કાર્યક્ષેત્ર સિવાયની કૉલેજો/અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) મેળવવું ફરજીયાત છે. જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

૧૭. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિધાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

૧૮. સંબંધિત કૉલેજોએ નીચે દર્શાવ્યા મુજબની ફી એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સાથે જ જમા કરવવાની થાય છે. એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સાથે નીચે દર્શાવેલ ફી અંગે રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા એકાઉન્ટ નં. ૩૫૫૬૭૦૨૯૭૨૦ એસ.બી.આઈ., ગોધરામાં RTGS/NEFT થી ફી ભર્યાની પહોચ યુનિવર્સિટી ખાતે જમા કરાવ્યા બાદ જ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. જરૂરી તમામ ફી વિના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.

| વિગત | બી.એ. | બી.કોમ. | બી.એસસી. | બી.સી.એ. | બી.એસ.ડબ્લ્યુ. | એલએલ.બી. |
|---|---|---|---|---|---|---|
| સાંસ્કૃતિક ફી | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| રમતગમત ફી | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| વિધાર્થી કલ્યાણ ફી | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ડેવલોપમેન્ટ ફી (ફક્ત સ્વનિર્ભર કોલેજો માટે) | ૭૫૦ | ૭૫૦ | ૨૦૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૨૦૦૦ |

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
(Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

| વિગત | એમ.એ. | એમ.કોમ. | એમ.એસસી | એમ.એસ.ડબ્લ્યુ | પી.જી.ડી.સી.એચ.એમ. |
|---|---|---|---|---|---|
| સાંસ્કૃતિક ફી | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| રમતગમત ફી | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ | ૨૫ |
| વિધાર્થી કલ્યાણ ફી | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ |
| ડેવલોપમેન્ટ ફી (ફક્ત સ્વનિર્ભર કોલેજો માટે) | ૨૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૩૦૦૦ | ૧૫૦૦ |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો/સંસ્થાઓના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ/વડા તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

### સેમેસ્ટર-૩ અથવા સેમેસ્ટર-૫ માં સીધો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરાવવા માટેની જરૂરી સૂચનાઓ

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવતી કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે આપની કોલેજ/માન્ય પી.જી. કેન્દ્રમાં અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ અથવા સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ નો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ જે વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજ/માન્ય પી.જી. કેન્દ્રમાં આ યુનિવર્સિટીએ આપેલ PAEC/FAEC/મંજૂરી/એન.ઓ.સી. ને આધારે સેમેસ્ટર-૩ અથવા સેમેસ્ટર-૫ માં સીધો પ્રવેશ મેળવેલ છે તેવા વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ફોર્મ યુનિવર્સિટી કાર્યાલય જમા કરાવવા માટે નીચેની સૂચનાઓનું પાલન કરવા વિનંતી છે.

૧. કોલેજએ રજીસ્ટ્રેશન ફોર્મ અંગેનો પરિપત્ર ડાઉનલોડ કરી લેવો.

૨. ત્રીજા અને પાંચમાં સેમેસ્ટરમાં સીધો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

૩. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ સ્નાતક કક્ષાના રજીસ્ટ્રેશન માટે રૂ. ૨૦૦/- અને અનુસ્નાતક કક્ષાના રજીસ્ટ્રેશન માટે રૂ. ૫૦૦/-નિયત કરવામાં આવેલ છે.

૪. વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન ફોર્મમાં વિગતો ભરાવ્યા બાદ કોલેજે વિગતો ચેક કરવી.

૫. રજીસ્ટ્રેશન ફોર્મ સાથે લાયક પરીક્ષાના તમામ ગુણપત્રકોની આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત કરેલ નકલ ફરજીયાત મોકલવાની રહેશે.

૬. વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન ફોર્મ જમા કરાવતા અગાઉ પ્રવેશ યોગ્યતા અંગેની તમામ ચકાસણી આપના સ્તરે કરી લેવાની રહેશે. તેમાં કોઇ ક્ષતિ જણાય તો તેની સ્પષ્ટતા મેળવી લેવાની રહેશે.

૭. રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરેલી વિગતોની ચકાસણી કોલેજ કક્ષાએથી કાળજીપૂર્વક કરવાનું રાખવું. <u>વિદ્યાર્થીઓનું નામ, બેઠક નંબર, વર્ષ અને પરિણામ ખુબ ચોકસાઈ પૂર્વક ચેક કરવા.</u>

૮. અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ અથવા સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ નો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ P.A.E.C./ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ F.A.E.C. મેળવી લેવું તથા નંબરની વિગતો ધ્યાનપૂર્વક એન્ટ્રી કરવી.

૯. રજીસ્ટ્રેશન ફોર્મની કુલ ફી નો રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા એકાઉન્ટ નં. ૩૫૫૬૭૦૨૯૭૨૦ એસ.બી.આઈ., ગોધરામાં RTGS/NEFT થી ફી ભર્યાની પહોચ રજીસ્ટ્રેશન ફોર્મ અને માહિતી પત્રક જમા કરાવતી વખતે મોકલી આપવાની રહેશે.

૧૦. <u>રજીસ્ટ્રેશન/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા અંગેની ખાસ સૂચના :</u>

  ક. રજીસ્ટ્રેશન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીએ કાળા કે ભૂરા રંગની બોલપેનનો જ ઉપયોગ કરવો, શાહી કે પેન્સિલનો ઉપયોગ કરવો નહિ.

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001


ખ. વિદ્યાર્થીઓનો ફોટોગ્રાફ જણાવ્યા પ્રમાણે ખાનામાં સમાય તે રીતે કાપીને ચોટાડવો, તે જ ફોટો વિદ્યાર્થીની હોલટીકીટ અને માર્કશીટમાં આવશે અને તેની જાણ વિદ્યાર્થીને કરવી ફોટોગ્રાફ ચોટાડવા માટે ફેવિસ્ટિક કે ગુંદરનો જ ઉપયોગ કરવો, ટાંકણી કે સ્ટેપલર પીનનો ઉપયોગ કરવો નહિ.

ગ. વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન ફોર્મના દરેક ખાનામાં CAPITAL LETTER થી જ લખવા સુચના આપવી.

ઘ. વિધાર્થીઓને મોબાઈલ નંબર ખાસ ધ્યાન રાખીને લખવા સુચના આપવી. (આંકડામાં ભૂલ ન થાય તે રીતે) કારણકે તે મોબાઈલ નંબરમાં વિધાર્થીઓને જરૂરી માહિતી સમયાંતરે મોકલવામાં આવશે.

ચ. રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીઓને વિષય લખવામાં ખાસ કાળજી રાખવા સુચના આપવી. અને કૉલેજે તેની ખરાઈ કરવી. રજીસ્ટ્રેશન ફોર્મમાં જે વિષય દર્શાવેલ હશે તે જ વિષય હોલ ટીકીટ અને માર્કશીટમાં આવશે જેની ખાસ નોંધ લેવી. કૉલેજ દ્વારા યુનિવર્સિટીમાં જમા કરાવેલ રજીસ્ટ્રેશન/રજીસ્ટ્રેશન ફોર્મમાં વિદ્યાર્થીએ લખેલ અને કોલેજે ખરાઈ કરેલ વિષય બદલવા માટે વિષય દીઠ રૂ. ૨૦૦૦/- ની ફી ભરવાની રહેશે તેમજ વિષય બદલવા માટે યુનિવર્સિટી દ્વારા જે નિર્ણય લેવાય તે અંતિમ રહેશે.

૧૧. રજીસ્ટ્રેશન ફોર્મ **Missing** કે **Duplicate** ન થાય તેની ખાસ કાળજી રાખવી. ફોર્મ પર પંચિંગ કે કાણું પાડવું નહિ, ફોર્મ પ્લાસ્ટીક કવરમાં તેમજ બે જાડા પૂઠા વચ્ચે બાંધીને મોકલવા જેથી ફોર્મ ફાટી કે ચોળાઈ ન જાય.

૧૨. રજીસ્ટ્રેશન ફોર્મ પર દર્શાવેલ નંબરના ક્રમમાં જ વિદ્યાર્થીની માર્કશીટ ગોઠવવી અને તેના પર ફોર્મ પરનો નંબર લખવો જેથી કોઈ ક્ષતિ હોય તો સુધારવામાં સરળતા રહે.

૧૩. આપની કૉલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કોર્સ (વિષયો) ના ગ્રુપની યાદી અવશ્ય મોકલવાની રહેશે.

૧૪. ઈન્ટેક કેપેસીટી હોઈ તેટલા જ રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવવાની જવાબદારી જે તે કોલેજના આચાર્યશ્રીની રહેશે.

૧૫. કોલેજે વિધાર્થીઓના નામ તથા ફોટાવાળું રજીસ્ટ્રેશન ફોર્મનું ચેક લીસ્ટ નોટીસ બોર્ડ પર મુકવાનું રહેશે. તે અંગે ખરાઈ અર્થે વિધાર્થીની સહી પણ લેવાની રહેશે. જેનું કોલેજો એ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૬. અન્ય યુનિવર્સિટીમાંથી સેમેસ્ટર-૧ અને સેમેસ્ટર-૨ અથવા સેમેસ્ટર-૧ થી સેમેસ્ટર-૪ નો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ પાસેથી પ્રોવિઝનલ P.A.E.C./ફાઈનલ એડમીશન એલીજીબીલીટી સર્ટીફીકેટ F.A.E.C. મેળવવું ફરજીયાત છે. જો તે પ્રમાણે કાર્યવાહી નહિ કરવામાં આવે તેનું ફોર્મ રદબાતલ થશે તથા તે અંગે સંપૂર્ણ અબાધિત અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

૧૭. રજીસ્ટ્રેશન ફોર્મમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૫/૪૪ થી ૬૧૯ તા.૧૦/૦૮/૨૦૧૫ મુજબ દરેક વિધાર્થીઓના આધાર નંબરની વિગત નિયત કોલમમાં અચૂક લખાવવાની રહેશે.

૧૮. સંબંધિત કૉલેજોએ નીચે દર્શાવ્યા મુજબની ફી રજીસ્ટ્રેશન ફોર્મ સાથે જ જમા કરવવાની થાય છે. રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સાથે નીચે દર્શાવેલ ફી અંગે રજીસ્ટ્રાર, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામ, ગોધરાના નામનો ડિમાન્ડ

# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ ૩૮૯૦૦૧

Government Polytechnic Campus
Gadukpur, Godhra
Dist. Panchmahals Pin Code 389001

ડ્રાફ્ટ અથવા એકાઉન્ટ નં. ૩૫૫૬૭૦૨૯૭૨૦ એસ.બી.આઈ., ગોધરામાં RTGS/NEFT થી ફી ભર્યાની પહોચ યુનિવર્સિટી ખાતે જમા કરાવ્યા બાદ જ રજીસ્ટ્રેશન/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે. જરૂરી તમામ ફી વિના રજીસ્ટ્રેશન/રજીસ્ટ્રેશન ફોર્મ અને ફી સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.

| અભ્યાસક્રમ | સાંસ્કૃતિક ફી | રમતગમત ફી | વિધાર્થી કલ્યાણ ફી | ડેવલોપમેન્ટ ફી (ફક્ત સ્વનિર્ભર કોલેજો/માન્ય પી.જી. કેન્દ્રો માટે) |
|---|---|---|---|---|
| બી.એ. | ૨૫/- | ૨૫/- | ૨૦/- | ૭૫૦/- |
| બી.કોમ. | ૨૫/- | ૨૫/- | ૨૦/- | ૭૫૦/- |
| બી.એસસી. | ૨૫/- | ૨૫/- | ૨૦/- | ૨૦૦૦/- |
| બી.સી.એ. | ૨૫/- | ૨૫/- | ૨૦/- | ૧૫૦૦/- |
| એમ.એ. | ૨૫/- | ૨૫/- | ૧૦૦/- | ૨૦૦૦/- |
| એમ.કોમ. | ૨૫/- | ૨૫/- | ૧૦૦/- | ૩૦૦૦/- |
| એમ.એસસી. | ૨૫/- | ૨૫/- | ૧૦૦/- | ૩૦૦૦/- |

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાના સ્નાતક અને અનુસનાતક કક્ષાના અભ્યાસક્રમ ચલાવતી કૉલેજો/માન્ય પી.જી. કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

On College Letter Pad

Enrolment Detail

| Sr. No. | Form No. | Student's Name | Remark |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |